Sunday
22.11.2026
✳Volume :11 ✳ Issue No.141
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

આદિવાસી વિસ્તારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના ૭૨ કલાક: આત્મીય સંવાદ અને વિકાસની સમીક્ષા



ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિમાં આદિવાસી સમાજનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. દેશની આઝાદીની લડતથી લઈને રાષ્ટ્રના સ્વાભિમાન અને અસ્મિતાની રક્ષા સુધી આદિવાસી નાયકોના શૌર્ય, સાહસ અને બલિદાનની ગાથાઓ પ્રેરણારૂપ છે. એવા જ એક આદિવાસી નાયક ભગવાન બિરસા મુંડાએ જનજાતીય સમુદાયના સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેમના બલિદાનને તેમજ આદિવાસી સમુદાયના ગૌરવશાળી ઈતિહાસને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળે તે હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી એટલે કે ૧૫ નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લીધો.

જનજાતીય ગૌરવ દિવસ નિમિત્તે ગુજરાતમાં ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી. આ ઉજવણીના માહોલમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દાહોદ જિલ્લાના અંતરિયાળ આદિજાતિ વિસ્તાર ગરબાડામાં ૭૨ કલાકનો પ્રવાસ કરીને જનજાતીય સમાજ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. ૧૮ થી ૨૦ નવેમ્બર સુધીનો મુખ્યમંત્રીશ્રીનો આ ત્રણ દિવસીય પ્રવાસ માત્ર સરકારી કાર્યક્રમો પૂરતો સીમિત ન રહેતાં ગ્રામજીવનને નજીકથી સમજવાનો અને લોકોની વચ્ચે રહીને તેમની અપેક્ષાઓ જાણવાનો એક વિશેષ પ્રયાસ બન્યો હતો.

પ્રથમ દિવસ: ભગવાન બિરસા મુંડાને પુષ્પાંજલિ, આદિવાસી પરિવાર સાથે ભોજન અને રાત્રિરોકાણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગરબાડા પહોંચીને ધરતી આબા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને પોતાના ત્રણ દિવસીય પ્રવાસની શરૂઆત કરી હતી. પરંપરાગત આદિવાસી લોકનૃત્ય અને વાદ્યો સાથે ગ્રામજનોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આદિવાસી કલાકારોએ મુખ્યમંત્રીશ્રીને પરંપરાગત કોટી, ભોરિયું અને તીર-કામઠાની ભેટ આપી હતી. લોકનૃત્યની ટીમે તેમની સાથે ફોટો પડાવવાની ઇચ્છા વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ સહજતાથી ફોટોગ્રાફરની રાહ જોઈને કલાકારો સાથે ફોટો પડાવ્યો હતો.

ત્યારબાદ ગાંગરડી અને સરબલી ગામોમાં મુખ્યમંત્રીશ્રીએ આદિવાસી પરિવારોના ઘરે જઈ મકાઈના રોટલા, અડદ-ચણાની દાળ સહિતના પરંપરાગત ભોજનનો સ્વાદ માણ્યો હતો. સાથોસાથ પરિવારના વડીલો, બહેનો તથા બાળકો સાથે વાતચીત કરીને તેમની આર્થિક સ્થિતિ, આજીવિકા અને બાળકોના અભ્યાસ વિશે જાણકારી મેળવી હતી.

ધાનપુર તાલુકાના ભિંડોલ ગામમાં આદિવાસી તડવી પરિવારના ઘરે તેમણે પ્રથમ રાત્રિરોકાણ કર્યું હતું. પરિવારજનો સાથે જમીન પર બેસીને પતરાળીમાં ભોજન લીધું હતું. ત્યારબાદ ખાટલા બેઠકમાં ગ્રામજનોના પ્રશ્નો સાંભળ્યા અને પરંપરાગત ભજન-કીર્તનનો આનંદ માણ્યો હતો.

બીજો દિવસ: લોકઆસ્થાના કેન્દ્રથી આંગણવાડી સુધી, વિકાસકાર્યોની સમીક્ષા અને ગ્રામજનો સાથે સંવાદ

બીજા દિવસે મુખ્યમંત્રીશ્રી એ રતનમહાલના ગાઢ જંગલ વિસ્તારમાં આવેલા ભુરેરો ગામના પ્રાચીન બાબાદેવ સ્થાનકે દર્શન કર્યાં હતાં. આદિવાસી સમાજની ધાર્મિક પરંપરાઓ સાથે જોડાયેલા આ સ્થળે તેમણે ગ્રામજનો સાથે જમીન પર બેસીને સંવાદ કર્યો હતો. સખી મંડળોની બહેનોના સ્ટોલની મુલાકાત લઈને પ્રાકૃતિક ખેતીની પેદાશો, ખજૂરીનાં પાનની છાબડીઓ અને હર્બલ સાબુ જેવી સ્થાનિક બનાવટો વિશે જાણકારી મેળવી હતી.

રતનમહાલથી ગરબાડા પરત ફરતી વખતે પીપરગોટા ગામે અચાનક રોકાઈને આદિવાસી ખેડૂત બકુલભાઈ વાખળા ના ઘરે તેઓ પહોંચ્યા હતા. તેમની સાથે મકાઈની ખેતી, આવક અને બાળકોના અભ્યાસ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ નંદઘર-આંગણવાડી કેન્દ્રની આંચિંતી મુલાકાત લઈને બાળકોના પોષણ, આરોગ્ય, નાસ્તા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત રતનમહાલ પ્રોજેક્ટની મુલાકાત દરમિયાન અધિકારીઓ સાથે વિકાસકાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. ગરબાડા તાલુકા પંચાયત કચેરીએ જનસુનાવણી યોજીને નાગરિકોની રજૂઆતો સાંભળી હતી. સાંજે ભામાતળાઈ ફળિયામાં જશવંતસિંહ રાઠોડના ઘરે ભોજન લીધા બાદ ગ્રામજનો સાથે આત્મીય સંવાદ અને ભજન-કીર્તનમાં સહભાગી થયા હતા.

ત્રીજો દિવસ: જળસંચયની વ્યવસ્થાનું નિરીક્ષણ અને માછીમારો સાથે આજીવિકા અંગે સંવાદ

ત્રીજા દિવસે



મુખ્યમંત્રી શ્રીએ પાટાડુંગરીના ઠક્કરબાપા સરોવરની મુલાકાત લઈને જળસંગ્રહ ક્ષમતા, પાણીના જથ્થા અને વિતરણ વ્યવસ્થાની માહિતી મેળવી હતી. નીરવાટિકામાં વડના છોડનું વાવેતર કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. સ્થાનિક માછીમારો સાથે ચર્ચા કરીને તેમના વ્યવસાય, આવક, વેપાર અને બાળકોના શિક્ષણ અંગે જાણકારી મેળવી હતી.

ચંદાવડા ગામના ભાભોર ફળિયામાં આદિવાસી પરિવારો સાથે સંવાદ દરમિયાન દિવ્યાંગ દિનેશભાઈએ મુખ્યમંત્રીશ્રીને કમળ અર્પણ કર્યું હતું. સખી મંડળની એક દિવ્યાંગ બહેને પોતાના હાથે બનાવેલું વાંસનું તોરણ ભેટ આપ્યું હતું. ત્યારબાદ બાવકાના શિવમંદિર પ્રાંગણમાં જનસુનાવણી યોજીને લોકોની રજૂઆતો સાંભળી અને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

શિક્ષણથી સ્વાવલંબન સુધી: આદિવાસી સમાજના ઉત્થાન માટે સરકારની પ્રતિબદ્ધતા

ગુજરાત સરકાર આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી રહી છે. તેના કેટલાક નોંધપાત્ર પરિણામો:

વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ રૂ.૪૩૮.૨૭ કરોડના ખર્ચે ૫૮.૩૮ લાખ વિદ્યાર્થીઓને લાભ; કેન્દ્રની પ્રિ-મેટ્રિક યોજના હેઠળ ૧૮૪.૫૧ કરોડના ખર્ચે ૫.૩૭ લાખ અને પોસ્ટ-મેટ્રિક યોજના હેઠળ ૨૧૪૫.૨૯ કરોડના ખર્ચે ૧૧.૩૯ લાખ વિદ્યાર્થીઓને લાભ.

વિદ્યાર્થિનીઓ માટે ગુજરાત સરકારની વિશેષ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ.૪૨૦.૨૭ કરોડના ખર્ચે ૩૨,૨૨૬ વિદ્યાર્થિનીઓને સહાય.

૭૬ આદર્શ નિવાસી શાળાઓમાં ૪૯,૨૫૪ વિદ્યાર્થીઓને રૂ.૫૩૪.૦૬ કરોડના ખર્ચે લાભ; ૧૭૬ સરકારી છાત્રાલયોમાં ૮૪,૦૨૧ અને ૮૯૫ અનુદાનિત છાત્રાલયોમાં આશરે ૨.૫૬ લાખ વિદ્યાર્થીઓને લાભ.

આદિવાસી વિદ્યાર્થીઓમાંથી ૨૩૬ MBBS, ૧૪૦એ ડેન્ટલ, ૧૭૧એ હોમિયોપેથી, ૭૯એ આયુર્વેદ, ૬૬એ ફિઝિયોથેરાપી, ૨૫૭એ ફાર્મસી, ૨,૧૨૦એ નર્સિંગ અને ૭૮૯એ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવ્યો.

છેલ્લા પાંચ વર્ષમાં ૬૧.૯૫ કરોડના ખર્ચે ૨૦,૧૫૯ યુવાનોને તાલીમ આપવામાં આવી, જેમાંથી ૧૫,૪૮૫ને રોજગારી મળી.

મફત તબીબી સહાય યોજનાહેઠળ ૬૭,૩૭૨ દર્દીઓને ૧૦૦.૨૭ કરોડની સહાય; આવાસ યોજનાઓ હેઠળ ૭૯૩.૬૫ કરોડના ખર્ચે ૩૧,૧૩૫ લાભાર્થીઓને લાભ.

PM JANMAN

હેઠળ ગુજરાતના પાંચ ખાસ નબળા આદિજાતિ જૂથો માટે ૧૭૫.૩૨ કરોડનો ખર્ચ. ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન હેઠળ ૨૧ જિલ્લાનાં ૧૦૨ તાલુકાનાં ૪,૨૬૫ ગામોનો સમાવેશ કરીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૮૭.૮૩ કરોડનો ખર્ચ.

વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ માટે ૨ લાખ કરોડની જોગવાઈના આયોજન સાથે જનજાતીય કલ્યાણ યોજના અમલમાં મૂકવાનો નિર્ણય; વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ ૩૫,૭૮૨.૦૪ કરોડની જોગવાઈ.

ગણવેશ સહાય યોજના હેઠળ ૪૮૨.૧૬ કરોડના ખર્ચે ૫૮.૨૦ લાખ વિદ્યાર્થીઓને ત્રણ જોડી ગણવેશ માટે સહાય; શૈક્ષણિક સાધનો માટે ૪૫૪.૮૮ લાખના ખર્ચે ૮,૪૯૧ વિદ્યાર્થીઓને લાભ.

વિદ્યા સાધના યોજના હેઠળ ૮૦.૩૪ કરોડના ખર્ચે ૧.૭૬ લાખ દીકરીઓને સાયકલ સહાય અને ટેલેન્ટ પૂલ વાઉચર યોજના હેઠળ ૫,૫૨૦.૬૧ લાખના ખર્ચે ૯,૧૧૯ વિદ્યાર્થિનીઓને લાભ.

દૂધસંજીવની યોજનાહેઠળ ૫૫૩ ક્રોડના ખર્ચે ૩૮.૫૪ લાખ બાળકોને ૨૦૦ મિલીલીટર ફ્લેવર્ડ દૂધ; રાજ્યની ૬૬૩ આશ્રમશાળાઓમાં આશરે ૧.૧૧ લાખ વિદ્યાર્થીઓને લાભ મળે છે.















તંત્રી સ્થાનેથી.....

ખાનગી વાહનો પર જાતિ દર્શાવતા શબ્દો લખીને કે ચિહ્નો પ્રદર્શિત કરીને જાતિગત ઓળખનું પ્રદર્શન કરવાની પ્રવૃત્તિ પર નિયંત્રણ લાવવા રાજ્ય સરકારે મહત્વનું પગલું ભર્યું છે. હવે ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર કે બસ અથવા ટ્રક સહિત તમામ પ્રકારના ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો, જાતિ દર્શાવતા સંકેતો, આકૃતિઓ કે લખાણ પ્રદર્શિત કરી શકાશે નહીં. આ માટે ગુજરાત સરકારે ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં સુધારો કરીને આ અંગે સ્પષ્ટ જોગવાઈ કરી છે. રાજ્ય સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગે ગત ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ 'ગુજરાત મોટર વાહન (ત્રીજો સુધારો) નિયમો, ૨૦૨૬' જાહેર કર્યા છે. આ સુધારા હેઠળ નિયમ ૧૨૫ના પેટાનિયમ (૧)માં 'No advertising device, figure' શબ્દોનીજગ્યાએ 'No advertising device, caste signage, figure' શબ્દો ઉમેરવામાં આવ્યા છે. એટલે કે, વાહનો પર જાહેરાતનાં ઉપકરણો અને આકૃતિઓ અંગેની જોગવાઈમાં હવે જાતિ દર્શાવતા સંકેતોનો પણ સ્પષ્ટ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નિયમ ૧૩૮માં પેટાનિયમ (૨) પછી નવો પેટાનિયમ (૩) ઉમેરવામાં આવ્યો છે. આ નવી જોગવાઈ મુજબ, રાજ્ય સરકાર દ્વારા સામાન્ય અથવા વિશેષ હુકમથી મંજૂરી આપવામાં આવી હોય તેવા અપવાદ સિવાય કોઈપણ ખાનગી વાહન પર જાહેરાતનું ઉપકરણ, જાતિ દર્શાવતું ચિહ્ન, આકૃતિ કે કોઈપણ પ્રકારનું લખાણ પ્રદર્શિત કરી શકાશે નહીં. આથી વાહનો પર જાતિસૂચક શબ્દો લખવાની અને જાતિ દર્શાવતા સંકેતો કે લખાણ મૂકવાની બાબતને નિયમન હેઠળ આવરી લેવામાં આવી છે. આ નિર્ણયનું વિશેષ મહત્વ એ છે કે ખાનગી વાહનો પર જાતિ આધારિત ઓળખ દર્શાવતા શબ્દો અને ચિહ્નોના પ્રદર્શન અંગે હવે મોટર વાહન નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ ઉમેરાઈ છે. વાહનો પર શું પ્રદર્શિત કરી શકાય અને શું નહીંતે અંગે નિયમન વધુ સ્પષ્ટ બનશે. જોકે, રાજ્ય સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમથી જરૂરી અપવાદોને મંજૂરી આપી શકશે. ઉલ્લેખનીય છે કે આ સુધારાના મુસદ્દા નિયમો અગાઉ ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા અને અસરગ્રસ્ત લોકો પાસેથી ૩૦ દિવસમાં વાંધા કે સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં. નિર્ધારિત સમય ગાળામાં સરકારને કોઈ વાંધો કે સૂચન પ્રાપ્ત ન થતાં હવે અંતિમ નિયમો જાહેર કરવામાં આવ્યા છે. આમ, ખાનગી વાહનો પર જાતિસૂચક શબ્દો અને સંકેતોના પ્રદર્શનને નિયંત્રિત કરવા રાજ્ય સરકારે મોટર વાહન નિયમોમાં મહત્વપૂર્ણ સુધારો કર્યો છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજનગર ગામે અનુસૂચિત જાતિના પરિવારના ઘરે આત્મીયતાથી સવારનો સાત્વિક અલ્પાહાર ગ્રહણ કર્યો

ગ્રામજનો સાથે સંવાદ કરી શિક્ષણ, વ્યસનમુક્તિ અને સરકારી યોજનાઓનો લાભ લેવા પ્રેરક અનુરોધ કર્યો



કમલમ્,

ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે બીજા દિવસે ખેડા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ પૂર્વે નડિયાદ તાલુકાના રાજનગર ગામની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે ગામના અનુસૂચિત જાતિ પરિવારના મનીજભાઈ બાબુભાઈ વાઘેલાના નિવાસસ્થાને પધારી પરિવારજનો સાથે આત્મીય સંવાદ કર્યો હતો અને તેમની સાથે સવારનો સાત્વિક અલ્પાહાર ગ્રહણ કરી ભાવસભર આતિથ્ય માણ્યું હતું. રાજ્યપાલશ્રીએ પરિવારના સભ્યોના ખબર-અંતર પૂછ્યા હતા અને પરિવારજનો સાથે સહજતાથી વાતચીત કરી હતી. રાજ્યપાલશ્રીના આ સાદગીપૂર્ણ, સરળ અને આત્મીય વ્યવહારથી વાઘેલા પરિવાર આનંદિત અને ભાવવિભોર બન્યો હતો. ત્યારબાદ રાજનગર દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચોકમાં રાજ્યપાલશ્રીએ ગ્રામજનો સાથે સહજ સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે તેમણે ગામના સર્વાંગી વિકાસ માટે શિક્ષણનો વ્યાપ વધારવા, વ્યસનમુક્ત જીવન અપનાવવા અને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા ગ્રામજનોને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રીએ ગામના સરપંચશ્રી રાજેન્દ્રભાઈ પરમાર ને ખાસ અનુરોધ કર્યો હતો કે ગામમાં યોજનાઓનો લાભ મેળવવા પાત્રતા ધરાવતા એકપણ લાભાર્થી વંચિત ન રહે તે માટે સક્રિય પ્રયાસો કરવામાં આવે. આ ઉપરાંત ગામના વિકાસ માટે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત મળતી સહાયનો લાભ લેવા અને ગ્રામવિકાસની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી નોંધાવવા પણ તેમણે જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, દુનિયામાં પરસેવો પાડીને મહેનત કરનાર વ્યક્તિ જ પ્રગતિ કરે છે. જે વ્યક્તિ પોતાની મદદ કરવા માટે આગળ આવે છે, તેને દુનિયા પણ મદદ કરે છે. સૌએ સખત મહેનત કરીને આત્મનિર્ભર બનવું જોઈએ અને એકબીજાનો સહકાર આપવાની ભાવના કેળવવી જોઈએ. મહેનત કરનાર વ્યક્તિની ક્યારેય હાર થતી નથી, તેવો પ્રેરણાદાયી સંદેશ તેમણે ગ્રામજનોને આપ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ધોરણ-૬માં અભ્યાસ કરતી દીકરી રિદ્ધિ સંદીપકુમાર જાદવ સાથે પણ સંવાદ કર્યો હતો. તેમણે દીકરીને બહાદુર બનીને જીવનમાં સતત આગળ વધવા, ઉચ્ચ શિક્ષણ મેળવવા અને ઉજ્જ્વળ ભવિષ્ય નું નિર્માણ કરવા પ્રોત્સાહિત કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી એન. વી. ઉપાધ્યાય, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી. જોગીયા, અધિક કલેક્ટરશ્રી જે.બી. દેસાઈ, એડિશનલ કલેક્ટરશ્રી વિમલ બારોટ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એ. આર. સોનારા, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિપુલભાઈ પરમાર, નરસંડા ગામના સરપંચશ્રી કપિલાબેન વાઘેલા, રાજનગર ગામના સરપંચશ્રી રાજેન્દ્રભાઈ પરમાર સહિત ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી નરસંડા સ્થિત બી.એમ. હાઈસ્કૂલ ખાતે પીપળાનો છોડ રોપી વૃક્ષારોપણ અભિયાનમાં સહભાગી બન્યા

પર્યાવરણનું જતન અને શુદ્ધ હવા માટે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરવું અનિવાર્યઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્,

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ખેડા જિલ્લાની બે દિવસીય મુલાકાતે છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી આજરોજ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના નરસંડા ગામ સ્થિત બી.એમ. હાઈસ્કૂલ ખાતે પીપળાનો છોડ રોપી 'એક પેડ મા કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે માનનીય રાજ્યપાલશ્રીનું ગાર્ડ ઓફ ઓનર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રી સાથે ઉપસ્થિત અન્ય મહાનુભાવો તેમજ સ્થાનિક ગ્રામજનોએ બી. એમ. હાઈસ્કૂલના વિશાળ પટાંગણ માં મિયાવાંકી પદ્ધતિથી ૪૨૫ છોડનું વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. આ વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે પીપળાના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ સાથે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હિતેશકુમાર તડવી, નડિયાદના ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટરશ્રી એન. વી. ઉપાધ્યાય, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી વિજય પટેલ તથા નાયબ વન સંરક્ષકશ્રી અભિષેક સામરિયા સહિતના મહાનુભાવોએ પણ વિવિધ પ્રજાતિના છોડનું વાવેતર કર્યું હતું. શાળાના વિશાળ પટાંગણમાં સોનાર્યપો, સીતાશોક, રાયણ, લીમડો, સિંદૂર, સાગ, વડ, મહુડો અને આંબા સહિતના વૃક્ષોના ૪૨૫ છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આપણે ઑક્સિજન વિના જીવન ની કલ્પના કરી શકતા નથી ત્યારે પર્યાવરણનું જતન કરવા, પ્રદૂષણ ઘટાડવા અને શુદ્ધ હવા મેળવવા માટે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરવું અનિવાર્ય છે. તેમણે વિદ્યાર્થીઓને પોતાના ઘરની સાથે આજપાસના વિસ્તારમાં પણ વૃક્ષોનું વાવેતર કરી તેમનો ઉછેર કરવાની અપીલ કરી હતી. વૃક્ષો વાવવાની સાથે તેમનું જતન અને સંવર્ધન કરવું પણ એટલું જ જરૂરી હોવાનું તેમણે ભાર પૂર્વક જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ અપનાવવા તથા 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના મંત્રને જીવનમાં ઉતારવા માટે પણ પ્રેરક સંદેશ આપ્યો હતો. તેમણે સ્વચ્છ, સ્વસ્થ અને સમૃદ્ધ નડિયાદના પ્રાંત અધિકારીશ્રી ચિરાગભાઈ નિમાવત, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી કલ્પેશભાઈ રાવલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી ડૉ. પરેશ વાઘેલા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મહેંકમ જૈમીનીબેન પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી પંચાયતશ્રી અનિતાબેન લાહ્યુન, ગામના સરપંચશ્રી કપિલાબેન જગદીશભાઈ વાઘેલા, તાલુકા પંચાયત સભ્ય શ્રી મનીષાબેન તડવી ગ્રામ પંચાયતના સભ્યશ્રીઓ સ્થાનિક અગ્રણી સેવકશ્રીઓ,શાળાના આચાર્યશ્રી ચેતનભાઈ પટેલ, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ અને વૃક્ષ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.



શાળાના પટાંગણમાં મિયાવાંકી પદ્ધતિથી ૪૨૫ છોડનું વાવેતર કરવામાં આવ્યું

3જી ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર ૨૦૨૬-૨૭

બીજા દિવસે ખેલાડીઓનો વિજયી દેખાવ



કમલમ્,

અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે તા. ૧૯ થી ૨૪ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન 'ઉજ્જ ઓલ ઇન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર ૨૦૨૬-૨૭'નું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટના બીજા દિવસે તા. ૨૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ બેડમિન્ટન અને ટેબલ ટેનિસની વિવિધ કેટેગરીમાં રોમાંચક મુકાબલા યોજાયા હતા. ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત કૌશલ્ય નું પ્રદર્શન કરી વિવિધ સ્પર્ધાઓમાં જીત નોંધાવી હતી. જેમાં બેડમિન્ટનની NGO મેન્સ ડબલ્સ ઓપન કેટેગરીમાં મધ્ય પ્રદેશના અભિષેક પૃથ્વીરાજ ચવાણ અને પૂરિયલ્લા શ્રી ચરણ દાસની જોડીએ રિષભ સિંહ અને શેખ ઝાકિરની જોડીને ૧૫-૭ અને ૧૫-૨ ના સ્કોરથી હરાવી વિજય મેળવ્યો હતો. ટેબલ ટેનિસની NGO 40+ વુમન્સ ડબલ્સ કેટેગરીમાં તેલંગાણાની અકુલા સ્વપ્ન અને કરંજુલા પદ્મેનીની જોડીએ મિઝોરમની સી. લાલરૂમરુઆતી અને લાલબિયાકનીની જોડીને ૩-૦ થી હરાવી જીત નોંધાવી હતી. GO-NGO મેન્સ ટીમ સ્પર્ધામાં પંજાબની ટીમે તમિલનાડુ સામે ૩-૧ થી જીત મેળવી હતી. NGO 18+ ઓપન મેન્સ ડબલ્સ કેટેગરીમાં ઉત્તર પ્રદેશના અશ્રફ ખાન અને અરવિંદ ચૌધરીની જોડીએ આંધ્ર પ્રદેશના ડી. વાસુ અને એસ. વી. રમનની જોડીને ૩-૦ થી હરાવી વિજય મેળવ્યો હતો. NGO 50+ મેન્સ ડબલ્સ કેટેગરીમાં છત્તીસગઢના સહાન મોહન ગર્ગ અને ઉમેશ ચૌધરી, IPS ની જોડીને વોકઓવર મળતા જિંદા જાહેર કરવામાં આવી હતી. ટુર્નામેન્ટના ત્રીજા દિવસ આજે તા ૨૧ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન બેડમિન્ટનની ૭૨ અને ટેબલ ટેનિસની ૨૩૮ સહિત બંને રમતોમાં કુલ ૩૧૦ મેચોનું આયોજન કરવામાં આવ્યું છે. બેડમિન્ટનની વ્યક્તિગત સ્પર્ધાઓમાં મેન્સ સિંગલ્સ ૩૫+, ૪૦+, ૫૦+ અને ૫૫+, વુમન્સ સિંગલ્સ ૩૫+, ૪૫+ અને ૫૦+ તથા મેન્સ ડબલ્સ ૩૫+ અને ૫૫+ કેટેગરીની મેચોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ટેબલ ટેનિસની વ્યક્તિગત સ્પર્ધાઓમાં ઓપન મેન્સ સિંગલ્સ ૧૮+, ઓપન વુમન્સ સિંગલ્સ 18+, NGO મેન્સ સિંગલ્સ ૪૦+ અને ૫૦+ NGO વુમન્સ સિંગલ્સ ૪૦+ અને ૫૦+, મેન્સ ડબલ્સ, વુમન્સ ડબલ્સ તથા મિક્સ ડબલ્સની વિવિધ કેટેગરીનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યોની પોલીસ ટીમો તેમજ CRPF, BSF, CISF, ITBP, SSB, Assam Rifles, NSG અને NDRF સહિતના કેન્દ્રીય સુરક્ષા દળોના ખેલાડીઓ ઉત્સાહ ભેર ભાગ લઈ રહ્યા છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેડા જિલ્લાની મુલાકાતનો બીજો દિવસ યોગ સાધનાથી શરૂ કર્યો

નરસંડા ગામની પ્રાથમિક શાળામાં રાત્રિ રોકાણ બાદ વહેલી સવારે રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે કર્યો યોગાભ્યાસ



રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાણાયમ, અનુલોમ-વિલોમ, કપાલભાતી, નૌકાસન, સવાસન, જેવા યોગ સતત એક કલાક કરાવી સૌને તંદુરસ્ત જીવનશૈલી જીવવા આહવાન કર્યું

કમલમ્,

ગુજરાતના માનનીય રાજ્ય પાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાત કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લાના પ્રવાસે છે. શુક્રવાર રાત્રે નડિયાદ તાલુકાના નરસંડા ગામની પ્રાથમિક શાળાના સાધારણ કક્ષામાં રાત્રિ વિશ્રામો કર્યો હતો. જે બાદ શનિવારે વહેલી સવારે શાળાના પ્રાંગણમાં રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગ્રામવાસીઓ તેમજ યોગસાધકો સાથે યોગાભ્યાસ કર્યો હતો.

પ્રાથમિક શાળાના કેમ્પસમાં રાજ્ય પાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાણાયમ, અનુલોમ-વિલોમ, કપાલભાતી, નૌકાસન, સવાસન, સેતુબંધ આસન, અર્ધસર્વાંગાસન, જેવા વિવિધ યોગ સતત એક કલાક કરાવી સૌને તંદુરસ્ત જીવનશૈલી જીવવા આહવાન કર્યું હતું. તેમજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ યોગ, પ્રાણાયમ કરવાથી શરીરને થતા લાભો વિશે ગ્રામજનો અને યોગસાધકોને માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે યોગ અને પ્રાણાયમના શારીરિક તથા માનસિક લાભોથી સૌને અવગત પણ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી એન. વી.ઉપાધ્યાય, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી.જોગીયા, નડિયાદ પ્રાંત અધિકારીશ્રી ચિરાગભાઈ નિમાવત, માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ.બાગુલ, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના અધિકારીશ્રી અક્ષય મકવાણા, નડિયાદ ગ્રામ્ય મામલતદારશ્રી ઉપેન્દ્રસિંહ ગોહિલ સહિત શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો તેમજ મોટી સંખ્યામાં યોગસાધકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ નડિયાદ તાલુકાના નરસંડા ખાતે પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂતના 'ગીરી ફાર્મ'ની મુલાકાત લીધી

ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અને પંચસ્તરીય ખેતી પદ્ધતિ અપનાવવા અનુરોધ કર્યો



કમલમ્,

ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેડા જિલ્લાના પ્રવાસના બીજા દિવસે નડિયાદ તાલુકાના નરસંડા ગામે પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂત શ્રી ઉમેશગીરી શૈલેષભાઈ ગોસ્વામીના મોડેલ ફાર્મ 'ગીરી ફાર્મ'ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ફાર્મમાં વિકસાવવામાં આવેલી વિવિધ ખેતી પદ્ધતિઓ, ફળો અને શાકભાજીના પાકનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ઉપસ્થિત ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે સંવાદ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ બાગાયત વિભાગની સહાયથી નિર્મિત નેટહાઉસની મુલાકાત લઈને તેમાં ઉગાડવામાં આવતા કાકડી સહિતના વેલાવાળા પાકોનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે પાકમાંથી ફળો ઉતારી તેની ગુણવત્તા નિહાળી હતી તેમજ પાકની જાળવણી અને ઉત્પાદનની ગુણવત્તા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ખેડૂતોને યુરિયા સહિતનાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગથી દૂર રહી ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અપનાવી જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય ના હિતમાં લોકકલ્યાણકારી ખેતી પદ્ધતિ તરફ આગળ વધવા અનુરોધ કર્યો હતો.ખેડૂતોનેસંબોધનારાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વર્તમાનની સાથે ભવિષ્યનો વિચાર કરીને પરિવારની જરૂરિયાત મુજબની જમીનમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવી જોઈએ. પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ પુણ્યનું કાર્ય છે. પ્રાકૃતિક કૃષિ કરવાથી આવકમાં ઘટાડો થાય છે તેવી માન્યતા પાયાવિહોણી છે. ખેડૂતોએ વિવેક અને બુદ્ધિનો ઉપયોગ કરીને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો તથા પંચસ્તરીય ખેતી પદ્ધતિ અપનાવી વધુ આવક મેળવવાના પ્રયાસો કરવા જોઈએ. આ સંદર્ભમાં તેમણે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની પ્રાકૃતિક ખેતીનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીના માધ્યમથી આ વર્ષે ખજૂરના ઉત્પાદન થકી નોંધપાત્ર આવક મેળવવામાં આવી છે. આવા અનુભવો અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ બની શકે છે. રાજ્ય પાલશ્રીએ પશુપાલન વિભાગના અધિકારીને પશુધન વૃદ્ધિ માટે સેક્સ-સોર્ટેડ સીમેન પદ્ધતિનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર કરવા તથા આ અંગે જનજાગૃતિ લાવવા કેમ્પ યોજવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. તેમણે ખેડૂતોને સરકાર દ્વારા નજીવા મૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવતી આ સુવિધાનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે અવનવા પ્રયોગો કરતા પ્રગતિશીલ ખેડૂતોનાં ખેતરોની નિયમિત ફાર્મ વિઝિટ યોજી અન્ય ખેડૂતોને પણ આવા પ્રયોગોથી માહિતગાર કરવા વિશેષ અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ખેડૂતો સાથે આત્મીયતાભર્યો સંવાદ કરી પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોના અનુભવો અને સફળતાની વિગતો જાણી હતી. નરસંડા ગામના ભૂમેલ સીમ રોડ ખાતે આવેલા ગીરી ફાર્મની આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટર શ્રી એન.વી. ઉપાધ્યાય, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી. જોગીયા, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે.બી. દેસાઈ, એડિશનલ કલેક્ટરશ્રી વિમલ બારોટ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એ. આર. સોનારા, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિપુલભાઈ પરમાર, નરસંડા ગામના સરપંચશ્રી કપિલાબેન વાઘેલા સહિત નડિયાદ તાલુકાના ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નડિયાદ તાલુકાના નરસંડા મુકામે અનુસૂચિત જાતિ પરિવારનું આતિથ્ય માણ્યું

પરિવારે રાજ્યપાલશ્રીના આગમન અને આતિથ્ય બદલ અંતઃકરણપૂર્વક કર્યો આભાર વ્યક્ત



શ્રી આચાર્ય દેવવ્રતજીએ નરસંડા ગામના અનુસૂચિત જાતિના પરિવારના ઘરે રાત્રિ ભોજન લઈ સામાજિક સામાજિક સમરસતા, સમાનતા અને ભારતીય સંસ્કૃતિની 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાનું સુંદર દ્રષ્ટાંત પૂરું પાડ્યું

કમલમ્,

ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લાની મુલાકાતે આવેલ ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નડિયાદ તાલુકાના નરસંડા ગામના અનુસૂચિત જાતિ પરિવાર ઘરે રાત્રિ ભોજન લઈ સામાજિક સામાજિક સમરસતા, સમાનતા અને શિક્ષણ સહિતની બાબતો વિશે વાત કરી હતી અને જીવનમાં પ્રગતિ માટે નવા આયામો પર માર્ગદર્શન આપ્યું હતું. અરવિંદભાઈ વાઘેલાના પરિવારમાં તેમની પત્ની શ્રીમતી ઉષાબેન અરવિંદભાઈ વાઘેલા, બે પુત્રો અને બે પુત્રીઓ એમ કુલ ૬ સભ્યોનો સમાવેશ થાય છે. ત્યારે રાજ્ય પાલશ્રીના આ સહજ, સરળ અને આત્મીય વ્યવહારથી પરિવાર આનંદિત અને ભાવવિભોર બન્યો હતો.

વધુમાં, રાજ્ય પાલશ્રીએ આસપાસના રહીશો સાથે પણ સહજ સંવાદ કરી તેમનું અભિવાદન ઝીલ્યું હતું. આ તકે નડિયાદના ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી.જોગીયા તથા ગામના સરપંચ શ્રી કપિલાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

વડનગરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો 'તાના-રીરી મહોત્સવ'

સુશ્રી હેતલ મહેતા જોષી અને સુશ્રી માલિની અવસ્થીને તાના રીરી એવોર્ડ એનાયત



નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

- વડનગર સંગીત, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનું વૈશ્વિક પ્રતીક છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી શરૂ થયેલો આ મહોત્સવ આજે વિશ્વફલક પર ગુંજી રહ્યો છે.
- વડનગર આગામી સમયમાં વિશ્વભરના સંગીત પ્રેમીઓ માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવશે

કમલમ્,વડનગર

મહેસાણા જિલ્લાના ઐતિહાસિક નગર વડનગર ખાતે આયોજિત સુપ્રસિદ્ધ 'તાના-રીરી મહોત્સવ'માં બીજા દિવસે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ સુશ્રી હેતલ મહેતા જોષી તેમજ સુશ્રી માલીની અવસ્થીને પ્રતિષ્ઠિત 'તાના-રીરી એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. આ સન્માન અંતર્ગત કલાકારને તામ્રપત્ર, ચેક અને એવોર્ડ આપીને તેમની કલાસાધનાને બિરદાવવામાં આવી હતી. આ અવસરે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ વડનગરની પવિત્ર ધરાને વંદન કરતા જણાવ્યું હતું કે, વડનગર માત્ર એક પ્રાચીન નગર નથી, પરંતુ તે હજારો વર્ષ જૂની સંસ્કૃતિ, ઈતિહાસ, આધ્યાત્મિકતા અને સંગીતની સાધનાનું જીવંત પ્રતીક છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ૧૬મી સદીની સંગીત બેલડી તાના અને રીરીના ઐતિહાસિક બલિદાનનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આ બંને બહેનોએ મલ્હાર રાગ છેડીને સંગીતની અસીમ શક્તિનો પરિચય કરાવ્યો હતો. આજે વડનગરની આ સમૃદ્ધ પરંપરાને વિશ્વ સમક્ષ રજૂ કરવાનું આ મહોત્સવ એક સશક્ત માધ્યમ બન્યું છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વડનગરની ઐતિહાસિક ધરોહરને ઉજાગર કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તેમણે ગૌરવ સાથે જાહેર કર્યું હતું કે વડનગરના આર્કિયોલોજિકલ એક્સપિરિયન્શિયલ મ્યુઝિયમને વિશ્વના પ્રતિષ્ઠિત 'રેડ ડોટ એવોર્ડ ૨૦૨૬'થી સન્માનિત કરવામાં આવ્યું છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે. વડનગરના વિકાસ અંગે વાત કરતા શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું કે શંકરાચાર્યજીએ વડનગરને ગુજરાતનું કાશી ગણાવ્યું હતું, અને આજે અહીં ઈતિહાસ, જ્ઞાન અને સંસ્કૃતિનો અદભૂત સંગમ જોવા મળી રહ્યો છે. વડનગરમાં મ્યુઝિયમ ઑફ મ્યુઝિક અને શર્મિષ્ઠા લેક જેવા પ્રકલ્પો આગામી સમયમાં પ્રવાસન અને રોજગારીની નવી તકો ઉભી કરશે. કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને વડનગરને દેશનું સૌથી સ્વચ્છ નગર બનાવવા માટે સહયોગ આપવા અને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અંગે સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે તાના-રીરી એવોર્ડના વિજેતાઓ અને આયોજકોને અભિનંદન પાઠવતા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વડનગર આગામી સમયમાં વિશ્વભરના સંગીત પ્રેમીઓ માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવશે. જિલ્લા પ્રભારી મંત્રી શ્રી પ્રવિણભાઈ માળીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન અને વડનગરના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં જ્યારે તેઓ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે આ મહોત્સવની શરૂઆત કરાવી હતી. આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય તાના-રીરીના યોગદાનને વિશ્વ સુધી પહોંચાડવાનો અને શાસ્ત્રીય સંગીતની પરંપરાને જીવંત રાખવાનો છે. રાજ્ય સરકાર દ્વારા કલાકારોને યોગ્ય મંચ પૂરું પાડીને નવી પેઢીને આપણા સમૃદ્ધ વારસાથી પરિચિત કરાવવાનો સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મહોત્સવના બીજા દિવસે શાસ્ત્રીય સંગીતના દિગ્ગજ કલાકારોની પ્રસ્તુતિએ વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું. પંડિત જય તીર્થ મેવુન્ડી અને સુશ્રી શ્વેતા ગુંજન જોશીએ ગાયન દ્વારા ભક્તિભાવ રેલાવ્યો હતો, જ્યારે પંડિત પૂર્વાયન ચેટર્જીએ સિતાર વાદન દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કલાકાર શ્રી ભૌમિક શાહે લોકગીતોની સુમધુર રજૂઆત કરી હતી.

તાનારીરી મહોત્સવના આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ, ઊંઝા ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, ખેરાલુ ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, કડી ધારાસભ્ય શ્રી રાજેન્દ્ર ચાવડા, બેચરાજી ધારાસભ્ય શ્રી સુખાજી ઠાકોર ,અગ્રણી સર્વે શ્રી ગીરીશભાઈ રાજગોર, શ્રી નટુજી ઠાકોર, વડનગર નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ મિતિકાબેન શાહ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશ બી. નિરગુડે, જિલ્લા કલેક્ટર ડૉ.હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષિલ મીણા, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ શ્રી એ.યુ. મકવા અને પદાધિકારીશ્રીઓ તેમજ સ્થાનિક અગ્રણીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં સંગીત રસિકો ઉપસ્થિત રહ્યા હતા.





ગાંગલાસણ ગામે શ્રી ચામુંડા માતાજીના હવનમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપુત સહભાગી



કમલમ્,

સિદ્ધપુર તાલુકાના ગાંગલાસણ ગામે શ્રી ચામુંડા માતાજીના પવિત્ર હવન પ્રસંગે ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપુત સહભાગી થયાસિદ્ધપુર તાલુકાના ગાંગલાસણ ગામે આયોજિત શ્રી ચામુંડા માતાજીના પવિત્ર હવન પ્રસંગે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપુત સહભાગી થઈ માતાજીના દિવ્ય દર્શન કરી આશીર્વાદ મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણમાં યોજાયેલા આ પાવન પ્રસંગે ગ્રામજનો, વડીલો, સામાજિક આગેવાનો તથા શ્રદ્ધાળુ ભક્તજનો સાથે ધારાસભ્યશ્રીએ આત્મીય મુલાકાત કરી સૌના ખબરઅંતર પૂછ્યા હતા.મા ચામુંડાના ચરણોમાં સમગ્ર પંથકની સુખાકારી, સમૃદ્ધિ, શાંતિ અને સર્વાંગી પ્રગતિ માટે ધારાસભ્યશ્રીએ પ્રાર્થના કરી હતી. આપણી સમૃદ્ધ ધાર્મિક પરંપરા, સંસ્કૃતિ અને સામૂહિક એકતાને ઉજાગર કરતા આ સુંદર આયોજન બદલ સમસ્ત ગાંગલાસણ ગ્રામજનો તથા આયોજકશ્રીઓનો ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપુતે હૃદયપૂર્વક આભાર માન્યો હતો.આ કાર્યક્રમમાં શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી શંભુભાઈ દેસાઈ, શ્રી વિનુભાઈ પ્રજાપતિ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી અગરાજી, શ્રી રોહિતજી ઠાકોર, શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી પ્રમોદભાઈ પટેલ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી રાકેશભાઈ પટેલ, ક્ષત્રિય સમાજના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આદિજાતિ કલ્યાણ યોજનાઓનો લાભ અને વિકાસ છેક છેવાડાના ગામો સુધી પહોંચ્યો છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં થયેલા આદિવાસી કલ્યાણ કામોથી સરકાર પ્રત્યેનો લોકોનો વિશ્વાસ અને વિકાસની અપેક્ષા બેય વધ્યાં છે





આદિવાસી વિસ્તાર ગરબાડાના ૭૨ કલાકના પ્રવાસ-મૂલાકાતના અંતિમ દિવસે શ્રી ભૂપેન્દ્ર પટેલનો ગ્રામીણ મહિલાઓ-ગ્રામજનો સાથે સંવાદ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આદિજાતિ દાહોદ જિલ્લાના ગરબાડાના ગામોના ૭૨ કલાકના પ્રવાસના અંતિમ દિવસે ગુજરાત-મધ્યપ્રદેશ સરહદ પરના છેવાડાના ગામ ખંગેલામાં ગ્રામીણ મહિલાઓ-લોકો સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ત્રણ દિવસના ગ્રામ્ય જીવનના અનુભવોથી એક અલગ જ સંતોષ મળ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આદિવાસી વિસ્તારોમાં જે વિકાસ કાર્યો અને કલ્યાણ યોજનાઓ પહોંચી છે તેનાથી લોકોનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ અને વિકાસ કામો માટેની અપેક્ષા બેય વધ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ૭૨ કલાકના તેમના આ પ્રવાસ મૂલાકાતમાં તેમણે આદિવાસી યુવાઓમાં ઉચ્ચ શિક્ષણ, ગામોમાં રોડ-રસ્તા, આરોગ્ય, પીવાના પાણીની સુવિધા જેવી મૂળભૂત જરૂરિયાતો સંદર્ભમાં થયેલી કામગીરીથી લોકોમાં સંતોષની લાગણી અનુભવી છે. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા કલ્યાણ યોજનાઓના કેન્દ્રસ્થાને સામાન્ય અને ગરીબ માણસને રાખ્યો છે. આજે સ્છરૂમાં આવાસ, ઉજ્વલામાં ગેસ સિલિન્ડર, નલ સે જલ, રોડ-રસ્તા અને હેલ્થ સેન્ટર જેવી સુવિધાઓ છેવાડાના ગામો અને પર્વતીય વિસ્તારો સુધી પહોંચી છે અને તેનો પૂરતો લાભ દરેકને મળી રહ્યો છે.

આદિજાતિ વિસ્તારોમાં પ્રાકૃતિક ખેતી તરફ વળવાની વાતને મુખ્યમંત્રીએ વિશેષ મહત્વ આપતા જણાવ્યું કે રાસાયણિક ખાતર અને દવાઓના ઉપયોગને કારણે નાની ઉંમરે ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને અન્ય રોગો વધી રહ્યા છે. જમીનનું સ્વાસ્થ્ય પણ બગડી રહ્યું છે. આવનારી પેઢીનું અને જમીન તથા માનવ સ્વાસ્થ્ય સુધારવા માટે પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવું અત્યંત જરૂરી છે તેમ તેમણે ઉમેર્યું હતુ. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ એ વડાપ્રધાનશ્રીનો કાર્યમંત્ર છે. સૌને સાથે મળીને વિકસિત ભારત અને વિકસિત ગુજરાતનો સંકલ્પ સાકાર કરવા તેમણે પ્રેરણા આપી હતી. આ અવસરે પ્રગતિશીલ મહિલાઓએ મુખ્યમંત્રીશ્રી સમક્ષ પોતાની આત્મનિર્ભરતાની વાતો રજૂ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સખી મંડળોના વિવિધ પ્રદર્શન સ્ટોલોની મુલાકાત પણ લીધી હતી.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવ્રતજીની ઉપસ્થિતિમાં નડિયાદ તાલુકાના નરસંડા ગામે યોજાઈ રાત્રિ સભા

સમર્પણ અને સદભાવ ભારતીય સંસ્કૃતિની મૂલ્યવાન આધારશિલા: રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી



કમલમ્,

ખેડા જિલ્લાના નરસંડા ગામની મુલાકાતે પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં પટેલ વાડી પાસે ગ્રામ ચોક ખાતે રાત્રિ સભા યોજાઈ હતી. રાજ્યપાલશ્રીએ બાળ સંસ્કાર, નિર્વ્યસન, કન્યા કેળવણી, લિંગ સમાનતા, સામાજિક સૌહાર્દ અને સમરસતા, પ્રાકૃતિક ખેતી તથા પશુપાલન જેવા વિષયો અંગે ગ્રામજનોમાં સકારાત્મક ઉર્જાનું સિંચન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ સૌ પ્રથમ મનુષ્યની વિભાવના સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે બીજાના સુખ: દુ:ખમાં સહભાગી બને તે મનુષ્ય. તેમણે ઉમેર્યું કે સમર્પણ અને સદભાવ ભારતીય સંસ્કૃતિની મૂલ્યવાન આધારશિલા છે. ત્યારે નરસંડાના વાલીઓને રાજ્યપાલશ્રીએ પોતાના બાળકમાં શિક્ષણ સાથે સાથે સંસ્કારોનું પણ સિંચન કરવા જણાવ્યું હતું. તેમણે વાલીઓને તેમના બાળકોની ટેવ અને સંગતથી પણ સજાગ રહેવા જણાવ્યું હતું. કન્યા કેળવણી અને લિંગ સમાનતાનું મહત્વ ઉજાગર કરતા તેમણે ઉપસ્થિત ગ્રામજનોને દીકરા દીકરીને સમાન તક અને સમાન શિક્ષણ આપવા અનુરોધ કર્યો હતો. તથા શિક્ષણના હકથી સમાજના કોઈ પણ વર્ગનું બાળક વંચિત ના રહી જાય તે સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. આ તકે રાજ્યપાલશ્રીએ સમાજમાં વ્યાપ્ત જાતિ અને ધાર્મિક ભેદભાવનું ખંડન કર્યું હતું. તેમણે વેદ, ઉપનિષદ અને ગીતામાં આપેલ મનુષ્યની વિભાવનાને ઉજાગર કરી સૌને સમાનતા, બંધુતા અને સામાજિક સૌહાર્દ રાખવા અપીલ કરી હતી. આચાર્ય દેવવ્રતજીએ દેશી ગાય, પશુપાલન અને પ્રાકૃતિક ખેતીના લાભથી લોકોને માહિતગાર કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ગુજરાત રાજ્યના જુદા જુદા ગામોમાં ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અભિયાન અંતર્ગત મુલાકાત લઈ સમાજ ઉપયોગી વિવિધ વિષયો પર માર્ગદર્શન આપતા હોય છે. ત્યારે આ શૃંખલામાં ૫૧માં કાર્યક્રમ તરીકે તેમણે નડિયાદ તાલુકાના નરસંડા ગામની મુલાકાત લીધી હતી. આ તકે કલેક્ટરશ્રી એન.વી.ઉપાધ્યાયે પ્રાસંગિક ઉદબોધનમા નરસંડા ગામે આયોજિત સેવા સેતુ કાર્યક્રમની સફળતાની વાત કરતા જણાવ્યું કે, ૧૩ વિભાગોની ૫૫ જેટલી યોજનાઓનો આશરે ૪,૨૭૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. તથા સમગ્ર ગુજરાતમાં પીએમજેવાય કાર્ડ હેઠળ ખેડા જિલ્લામાં સૌથી વધુ કલેમ મંજૂર કરવા માટેની સિદ્ધિ મળવા બદલ ગૌરવની લાગણી વ્યકત કરી હતી. નરસંડા ખાતે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં લાભાન્વિત થનાર ૦૫ લાભાર્થીઓને રાજ્યપાલશ્રીના હસ્તે પ્રતિકાત્મક રૂપે યોજનાકીય લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમા, શ્રી સોલંકી દાનીબેનને વૃદ્ધ સહાય યોજના, વાઘેલા હેમાંગીનીબેનને કુંવરબાઈનું મામેરું યોજના, ભાનુભાઈ પરસોત્તમભાઈ પટેલને આયુષ્યમાન કાર્ડ, ચંપાબેન કાંતિભાઈ પરમારને વિનામૂલ્યે રાશન અને દીયા નીલેશભાઈ સોલંકીને વ્હાલી દીકરી યોજનાના લાભનું વિતરણ કરવામાં આવ્યું હતા. રાત્રિ સભામાં નડિયાદના ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટરશ્રી એન.વી.ઉપાધ્યાય, પોલીસ અધિક્ષકશ્રી વિજય પટેલ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી.જોગીયા, અધિક કલેક્ટરશ્રી જે.બી.દેસાઈ, એડિશનલ કલેક્ટરશ્રી વિમલભાઈ બારોટ, નડિયાદ પ્રાંત અધિકારીશ્રી ચિરાગભાઈ નિમાવત, સરપંચશ્રી કપીલાબેન વાઘેલા સહિત ગ્રામજનો, આગેવાનો, મહિલાઓ અને મોટી સંખ્યામાં ગામના પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

વડનગરની પવિત્ર ધરા પર વિશ્વશાંતિ મહાયજ્ઞાની ભવ્ય પૂર્ણાહુતિ: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જગદગુરુ શંકરાચાર્યજીના આશીર્વાદ મેળવ્યા

જગદગુરુ શંકરાચાર્ય સ્વામીજીના સાનિધ્યમાં યોજાયેલા મહાયજ્ઞમાં નાયબ મુખ્યમંત્રીશ્રીની વિશેષ ઉપસ્થિતિ; હાટકેશ્વર મહાદેવના દર્શન કરી જનકલ્યાણની પ્રાર્થના કરી

મંત્રોચ્ચારના પાવન વાતાવરણમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી

ઐતિહાસિક વડનગર ખાતે આધ્યાત્મિક ચેતનાના સંગમ સમાન ભવ્ય આયોજન સંપન્ન





કમલમ્,વડનગર

ઐતિહાસિક અને સાંસ્કૃતિક નગરી વડનગરની પવિત્ર ભૂમિ પર શ્રીકાંચી કામકોટિ પીઠાધિપતિ જગદગુરુ પૂજ્યશ્રી શંકર વિજયેન્દ્ર સરસ્વતી શંકરાચાર્ય સ્વામીજીના દિવ્ય સાનિધ્યમાં આયોજિત 'વિશ્વશાંતિ મહાયજ્ઞ'ની આજે ભવ્ય પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આધ્યાત્મિક ઉર્જા અને વૈદિક પરંપરાથી સભર આ પવિત્ર અવસરે મહાયજ્ઞના અંતિમ દિવસે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિશેષ હાજરી આપી હતી. મંત્રોચ્ચારના ગુંજારવ અને ભક્તિમય વાતાવરણમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ પૂર્ણાહુતિ સમયે સહભાગી થઈ જગદગુરુ શંકરાચાર્યજીના પાવન આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર વડનગર પંથકમાં આ મહાયજ્ઞને પગલે એક વિશેષ આધ્યાત્મિક ચેતનાનો સંચાર થયો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જગદગુરુ શંકરાચાર્ય સ્વામીજી સાથે મંત્રોચ્ચારના પાવન વાતાવરણમાં જોડાઈને રાજ્ય અને રાષ્ટ્રની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી અને આધ્યાત્મિક ઊર્જાનો અનુભવ કર્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વડનગરના અધિષ્ઠાયક દેવ ભગવાન હાટકેશ્વર મહાદેવના મંદિરે જઈને ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા. તેમણે ભગવાન હાટકેશ્વર મહાદેવની વિશેષ પૂજા-અર્ચના કરી ગુજરાતની જનતાની સુખાકારી, સમૃદ્ધિ અને લોકકલ્યાણ માટે મંગલ પ્રાર્થના કરી હતી. ઐતિહાસિક નગરીમાં આયોજિત આ આધ્યાત્મિક મહોત્સવથી સમગ્ર વાતાવરણને ભક્તિમય બની ગયું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ, ઊંઝા ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, ખેરાલુ ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી, વિજાપુર ધારાસભ્ય શ્રી સી.જે.ચાવડા, બેચરાજી ધારાસભ્ય શ્રી સુખાજી ઠાકોર, કડી ધારાસભ્ય શ્રી રાજેન્દ્ર ચાવડા, અગ્રણી સર્વે શ્રી ગીરીશભાઈ રાજગોર, શ્રી નટુજી ઠાકોર, વડનગર નગરપાલિકા શ્રીમતી મીતિકાબેન શાહ, જિલ્લા કલેક્ટર ડૉ હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષિલ મીણા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી અને પદાધિકારીશ્રીઓ તેમજ સ્થાનિક અગ્રણીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ SCO સિવિલાઇઝેશનલ ડાયલોગ ફોરમનું ઉદ્ઘાટન કર્યું



સામ્રાજ્યોએ ભલે વિશ્વના નકશાઓ ફરીથી દોર્યા હોય, પરંતુ સભ્યતાગત સંવાદોએ વૈશ્વિક વિચારધારાને પરિવર્તિત અને સમૃદ્ધ કરી છે; તેથી, SCO સિવિલાઇઝેશનલ સમિટ એ માત્ર એક ઔપચારિક મંચ નથી; તે વિશ્વને દિશા આપવાનું એક મંચ બની શકે છે: પ્રધાનમંત્રી



૨૧મી સદીની ટેકનોલોજીએ વિશ્વમાં સાંસ્કૃતિક જોડાણ માટે નવી સંભાવનાઓ ઊભી કરી છે; જે માર્ગો પર આપણા પૂર્વજોને એક સમયે મહિનાઓ સુધી મુસાફરી કરવી પડતી હતી, આજે તે જ દેશોના લોકો માત્ર થોડી જ સેકન્ડોમાં એકબીજા સાથે જોડાઈ શકે છે: પ્રધાનમંત્રી



આપણા રાષ્ટ્રોના સંગ્રહાલયો, પુસ્તકાલયો અને અભિલેખાગારોમાં હજારો વર્ષોનો અમૂલ્ય વારસો સચવાયેલો છે; પ્રાચીન હસ્તપ્રતો, દુર્લભ ગ્રંથો, ઐતિહાસિક દસ્તાવેજો અને કલાકૃતિઓ આપણા ઊંડા મૂળ ધરાવતા સંબંધોના અનેક પાસાઓને ઉજાગર કરે છે; આજે, ટેકનોલોજી આ વારસાને યુવા પેઢી સુધી પહોંચાડવાની જબરદસ્ત તકો પૂરી પાડે છે: પ્રધાનમંત્રી





ડિજિટલ પ્લેટફોર્મ્સે જ્ઞાનનું આદાનપ્રદાન, સાંસ્કૃતિક વિનિમય અને આંતરરાષ્ટ્રીય સહયોગને પહેલાં કરતાં વધુ સરળ બનાવ્યા છે; SCO દેશોએ આ નવી સંભાવનાઓનો પૂરો લાભ લેવો જોઈએ: પ્રધાનમંત્રી

આપણી સંસ્કૃતિએ આપણને 'વસુધૈવ કુટુંબકમ' શીખવ્યું છે, જેનો અર્થ છે કે આ સમગ્ર વિશ્વ આપણો પરિવાર છે; તેથી, અહીં, આપણા પોતાના કલ્યાણની આકાંક્ષા વૈશ્વિક કલ્યાણની ભાવના સાથે ઊંડાણપૂર્વક જોડાયેલી છે; આપણે પરસ્પર સંવાદિતાને વૈશ્વિક સુખાકારીનો આધાર માનીએ છીએ: પ્રધાનમંત્રી



આપણે પ્રાચીન ગ્રંથોના ડિજિટાઇઝેશન અને અનુવાદ પર સહયોગ કરી શકીએ છીએ, અને સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ દ્વારા આપણા સહિયારા ઇતિહાસના નવા પરિમાણોને ઉજાગર કરી શકીએ છીએ; આનાથી વિશ્વના કોઈપણ ખૂણે બેઠેલા યુવાનો અન્ય રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાની ઘણી ઊંડી સમજ મેળવી શકશે: પ્રધાનમંત્રી





કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના પુરાના કિલ્લા ખાતે પ્રથમ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમનું ઉદ્ઘાટન કર્યું હતું. આ અવસરે ઉપસ્થિત જન મેદનીને સંબોધતા તમણે SCO સભ્ય દેશોના મહાનુભાવો, SCO મંત્રીઓ, રાજદૂતો, હાઈ કમિશનરો, વિદ્વાનો, કલાકારો અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું, અને એવા સમયે સભ્યતાગત જોડાણો પર સંવાદ યોજવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો જ્યારે વૈશ્વિક ચર્ચાઓમાં યુદ્ધ અને અશાંતિનું વર્ચસ્વ છે, અને નોંધ્યું હતું કે સાંસ્કૃતિક જોડાણ વિશ્વ શાંતિ માટે સૌથી મજબૂત બાહેંધરી તરીકે કામ કરે છે અને તે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની ૨૫મી વર્ષગાંઠ તથા સુરક્ષા, અર્થતંત્ર અને કનેક્ટિવિટીમાં વધતા સહયોગ પર આધારિત છે.

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આપણા સહિયારા સભ્યતાગત અનુભવો વિશ્વને એક કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે." પુરાના કિલ્લાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર ચિંતન કરતા, જે એક સાંસ્કૃતિક વારસાનું સ્થળ છે જેનો ઇતિહાસ વિદ્વાનો હજારો વર્ષ પાછળ મહાભારત યુગ સુધી શોધી કાઢે છે, ટિપ્પણી કરી હતી. વિજ્ઞાન અને ગણિતમાં આંતર-સાંસ્કૃતિક વિનિમયના મહત્વ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે કેવી રીતે ભારતીય વિદ્વાન બ્રહ્મગુપ્તના ગાણિતિક વિચારો બગદાદ પહોંચ્યા હતા. ત્યાં, અલ-ખ્વારિઝમી જેવા વિદ્વાનોએ ગણિતના જ્ઞાનને આગળ વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સ્થાપત્ય અને સંગીતમાં સહિયારા વારસા તરફ નિર્દેશ કરતા, જેમાં મધ્ય એશિયાઈ મકામ અને ભારતીય રાગ પરંપરાઓ વચ્ચેના જોડાણો, ભારતમાં કવ્વાલીને સમૃદ્ધ બનાવતા સૂફી પ્રભાવો, અને ચારબાગ શૈલીને આકાર આપતી સમરકંદ અને હેરાતની મધ્ય એશિયાઈ બગીચા પરંપરાઓનો સમાવેશ થાય છે, પ્રધાનમંત્રીએ ખુલ્લા સાંસ્કૃતિક વિનિમયને જાળવી રાખવાના મૂલ્ય પર ભાર મૂક્યો હતો. પ્રધાન મંત્રી મોદીએ પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે કેવી રીતે ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, ઊર્જાવાન વૈદિક મંત્રોચ્ચાર, બૌદ્ધ દર્શનની પ્રસ્તુતિઓ અને પ્રાચીન સ્થળ પર હનુમાનજીની યાત્રાના નિરૂપણે ભૌગોલિક રાજકીય સીમાઓથી પર એવા પ્રેમ, એકતા અને માનવ કલ્યાણના સાર્વત્રિક સંદેશાઓની સાથે ભારતીય સંસ્કૃતિને પ્રદર્શિત કરી હતી. તમે સૌ પણ આ કાર્યક્રમનો આનંદ માણશો, અને તેને ઐતિહાસિક બનાવીને, એક એવી નવી પરંપરાનો પાયો પણ નાખશો જેના માટે ભવિષ્ય તમને સૌને યાદ રાખશે. લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં સિંધુ ખીણની સંસ્કૃતિ અને મેસોપોટેમિયા વચ્ચેના વ્યાપારી સંબંધોથી લઈને ભારત, ચીન, મધ્ય એશિયા અને યુરેશિયાને જોડતા સિલ્ક અને વ્યાપાર નેટવર્ક સુધીના સદીઓ જૂના આંતરરાષ્ટ્રીય સહયોગ અને લોકો-થી-લોકોના સંબંધોને ટાંક્યા, જ્યાં વેપારીઓ, વિદ્વાનો, પ્રવાસીઓ અને કારીગરો, હ્યુએન ત્સાંગ, યિજિંગ અને કુચામાં જન્મેલા કુમારજીવ જેવા બૌદ્ધ સાધુઓએ, નાલંદા જેવી સંસ્થાઓ અને કુચા તથા દુનહુઆંગ જેવા કેન્દ્રોની સાથે વિચારો, ભાષાઓ અને બૌદ્ધ ગ્રંથોના આદાનપ્રદાન દ્વારા સભ્યતાઓને સમૃદ્ધ બનાવી હતી, પ્રધાનમંત્રીએ સાંસ્કૃતિક સંવાદની ચિરસ્થાયી શક્તિ પર ભાર મૂક્યો હતો.

સામ્રાજ્યોએ ચોક્કસપણે વિશ્વના નકશાઓ બદલ્યા છે, પરંતુ સભ્યતાગત સંવાદોએ વિશ્વના વિચારો બદલ્યા છે અને તેમને સમૃદ્ધ કર્યા છે. જેમ જેમ જ્ઞાન વિવિધ પ્રદેશોમાં પ્રવાસ કરે છે, તેમ તેમ તેની અભિવ્યક્તિ બદલાઈ શકે છે જ્યારે તેનો પ્રકાશમય પ્રભાવ સ્થિર રહે છે તેવું અવલોકન કરતા, પ્રધાનમંત્રીએ ટાંક્યું હતું કે કેવી રીતે ભારતનું પંચતંત્ર ફારસી અને અરબીમાં કહેવા વા દિમના તરીકે પ્રવાસ કરીને પેઢીઓ સુધી અમર બન્યું અને કેવી રીતે રામાયણે કંબોડિયામાં રીમકર તરીકે દક્ષિણપૂર્વ એશિયામાં સ્થાનિક સંસ્કૃતિ, પપ્પેટ્રી અને સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું. "જ્ઞાન, તે જે પણ સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે, તે માત્ર પ્રકાશ જ ફેલાવે છે," તેમ પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આ વિનિમય આજે પણ મુક્ત પ્રવાહમાં ચાલુ રહે, તે માટે આ સમિટ અને આવી પહેલોની ભૂમિકા મહત્વપૂર્ણ બની જાય છે. ૨૧મી સદીની ટેકનોલોજીએ સાંસ્કૃતિક જોડાણ માટે અભૂતપૂર્વ તકો ખોલી છે તેના પર ભાર મૂકતા, જે એક સમયે મહિનાઓની મુસાફરીની જરૂર પડતી હતી તેવા પ્રદેશોના લોકોને સેકન્ડોમાં જોડવા માટે સક્ષમ બનાવે છે જ્યારે ડિજિટલ પ્લેટફોર્મ્સ જ્ઞાનના આદાનપ્રદાન, સાંસ્કૃતિક વિનિમય અને આંતરરાષ્ટ્રીય સહયોગને સુવ્યવસ્થિત કરે છે, પ્રધાનમંત્રીએ આ પ્રગતિનો લાભ લેવા હાકલ કરી હતી. જીઝ્ર દેશોએ આ નવી સંભાવનાઓનો પૂરો લાભ લેવો જોઈએ. સંગ્રહાલયો, પુસ્તકાલયો અને અભિલેખાગારોમાં સંગ્રહિત હજારો વર્ષોના વારસા, જેમ કે પ્રાચીન હસ્તપ્રતો, દુર્લભ ગ્રંથો, ઐતિહાસિક દસ્તાવેજો અને કલાકૃતિઓના જતન અને વહેંચણી અંગે એકત્રિત થયેલા મહેમાનો સાથે સુચનો શેર કરતા, પ્રધાનમંત્રીએ પ્રાચીન ગ્રંથોના ડિજિટાઇઝેશન અને અનુવાદ તેમજ સહિયારા ઇતિહાસ પર સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સમાં સહયોગનો પ્રસ્તાવ મૂક્યો હતો. આના કારણે, વિશ્વના કોઈપણ ખૂણે બેઠેલો યુવાન અન્ય દેશના સાંસ્કૃતિક વારસાને ઘણી સારી રીતે સમજી શકશે. આજે વિસ્તરેલા સંસાધનો હોવા છતાં ઘણી મહાન સાહિત્યિક અને બૌદ્ધિક કૃતિઓ મર્યાદિત ભાષાઓમાં જ ઉપલબ્ધ છે તે નોંધતા, પ્રધાનમંત્રીએ પદ્ધોચને વિસ્તૃત કરવા માટે તકનીકી સાધનો તરફ નિર્દેશ કર્યો હતો. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "AI ની મદદથી, તેમના અનુવાદને નવી ગતિ આપી શકાય છે. સાંસ્કૃતિક વિનિમયના વધારાના માર્ગો પર પ્રકાશ પાડતા, જેમાં સંગ્રહાલયો અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા સંયુક્ત પ્રદર્શનો, યુનિવર્સિટીઓ વચ્ચે વિદ્વાનો અને સંશોધકોનું આદાનપ્રદાન, સિલ્ક રૂટ અને બૌદ્ધ વારસા સ્થળોને જોડતા હેરિટેજ સર્કિટ અને સાંસ્કૃતિક માર્ગો, સાંસ્કૃતિક પ્રવાસન, સંયુક્ત સાંસ્કૃતિક ઉત્સવો અને કલાકારોના આદાનપ્રદાનનો સમાવેશ થાય છે, પ્રધાનમંત્રીએ આવી પહેલોના માનવીય પ્રભાવમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આવા પ્રયાસો દ્વારા, આપણા નાગરિકોને એકબીજાની સંસ્કૃતિને વધુ નજીકથી જાણવાની અને સમજવાની તકો મળશે. આગામી દાયકાઓમાં આજના સભ્યતાગત સંવાદને નવી ઊંચાઈઓ પર લઈ જવાની જવાબદારી યુવા પેઢીઓ પર છે જેનો ટેક-સેવી છે અને વિશ્વને સમજવા માટે ઉત્સુક છે તેના પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ સ્થાનિક કલાકારો અને કારીગરોને સામેલ કરતી વખતે યુવાનો માટે વિવિધ ભાષાઓ, સાહિત્ય અને સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જોડવા માટે વધુ તકો ઊભી કરવા હાકલ કરી હતી. "આપણા યુવા કલાકારો, લેખકો અને ફિલ્મ નિર્માતાઓ, ડિજિટલ મીડિયા અને અન્ય સર્જનાત્મક પ્લેટફોર્મ્સ દ્વારા, આપણા સહિયારા વારસાને નવી પેઢી સુધી પહોંચાડી શકે છે," તેમ શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. ધાર્મિક વિધિઓના સમાપન સમયે ભારતીય પ્રાર્થનાઓ સમગ્ર વિશ્વને એક પરિવાર માનતા વસુધૈવ કુટુંબકમ્ માં મૂળ ધરાવતા તમામ જીવો વચ્ચે સદ્ભાવના અને સમગ્ર વિશ્વના કલ્યાણની કામના કરે છે તે યાદ કરતા, પ્રધાનમંત્રીએ વ્યક્તિગત અને રાષ્ટ્રીય સુખાકારીને વૈશ્વિક સંવાદિતા સાથે જોડી હતી. આપણે પરસ્પર સદ્ભાવનાને જ વૈશ્વિક સુખાકારીનો આધાર માનીએ છીએ.

પરસ્પર સદ્ભાવના સહિયારી સમાનતાઓની આસપાસ બંધાયેલા પરસ્પર વિશ્વાસ પર નિર્ભર છે તેવું અવલોકન કરતા, પ્રધાનમંત્રીએ ફોરમની શરૂઆતમાં સાંભળેલા વૈદિક મંત્રોચ્ચારથી પ્રેરિત થઈને, બહુ વિધતાને એકતામાં કેવરવા માટે વિવિધ ભાષાઓ, જીવનશૈલીઓ અને પરંપરાઓમાં વિવિધતાને અપનાવવાના અને ઉજવવાના ભારતના અનુભવનો ઉલ્લેખ કર્યો હતો. જ્યારે આપણે આ ઉદાર દ્રષ્ટિકોણ અપનાવીએ છીએ, ત્યારે આપણી વિવિધતા જ આપણી એકતાનો આધાર બની જાય છે. સાથે ચાલવા, સાથે સંવાદ કરવા અને વિચારોની સંવાદિતા પ્રાપ્ત કરવા માટે વૈદિક આહ્વાન 'નું આહ્વાન કરીને તેમના સંબોધનનું સમાપન કરતા, પ્રધાનમંત્રીએ પ્રથમ જીઝ્ર સિવિલાઈઝેશનલ ડાયલોગ ફોરમ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ફળદાયી ચર્ચા-વિચારણાઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાહોદ જિલ્લાના પ્રવાસના ત્રીજા દિવસે ચાંદાવાડા ગામના ભાભોર ફળીયામાં સ્થાનિક આદિવાસી પરિવારો સાથે ખાટલા બેઠક કરી લઈ આત્મીય સંવાદ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીનું ગ્રામજનોએ આદિવાસી લોક નૃત્ય થકી સ્વાગત કર્યું હતું. ગામના જ નિવાસી દિવ્યાંગ ચૌહાણ દિનેશભાઇ સહિત પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ, સરપંચશ્રીએ મુખ્યમંત્રીશ્રીને કમળ આપી સ્વાગત કર્યું હતું. આ સાથે ત્યાંના સ્થાનિક અને સખી મંડળના દિવ્યાંગ બહેનએ પોતાના હાથે વાંસ વડે બનાવેલું તોરણ આપી મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે ગ્રામજનોની જીવનશૈલી, સ્થાનિક પરંપરાઓ અને ગામમાં ઉપલબ્ધ પાયાની સુવિધાઓ અંગે જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનો તેમજ બાળકો સાથે રૂબરૂ સંવાદ સાધી તેમની લાગણીઓ અને અપેક્ષાઓ જાણી હતી.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :- Capital Offset Plot No L 801/1, Gidc,Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex,New Greencity, Sector -26,Gandhinagar (Gujarat) 382028